**<u>રેગ્યુલર દિવાની મુકદમાં ક્રમાક ૦૨/૨૦૧૮ ના કામે આંક–૫ ની અરજી લગત હુકમ:–</u>**

(૧) હાલના કામે વાદી દ્વારા વાદગ્રસ્ત મિલ્કતના મુળ માલીક તેમજ સદર મિલ્કત ઉપર ધીરાણ આપનાર બેંક વિરૂધ્ધ દાવો દાખલ કરેલ તેમજ વાદગ્રસ્ત મિલ્કતમાંથી તેઓની મિલ્કતનો ઉપભોગ કરવા સારૂ રસ્તાનો હકક રહેલ હોવાની રજુઆત કરી હાલનો દાવો દાખલ કરેલ છે.

(૨) દાવાની કાર્યવાહી સમયે સદરહું મિલ્કત દાવો દાખલ થયા અગાઉ પ્રતિવાદી નં–૩–૪ બેંક દ્વારા જપ્તી કરી વેચાણ આપી ફાઈનલ સેલ સર્ટી ઈસ્યુ કરી દીધેલ હોય તેમજ સરફેસી એકટ હેઠળ તમામ કાર્યવાહી થયેલ હોવાની રજુઆત પરત્વે હાલના કામે આંક–૧૫ લગત હુકમ કરી પ્રતિવાદી નં–૩–૪ ને દાવાના કામે પક્ષકાર તરીકે ડીલીટ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) હાલના કામે મનાઈ હુકમની સુનવણી તબ્બકે વાદી કે વાદીના વિ.વ.શ્રી ઘણા લાંબા સમયથી હાજર રહેતા આવેલ નથી. આમ, તેઓને કોઈ સુનવણી કે હાલની અરજી ચલવવામાં કોઈ રસ હોય તેમ જણાતુ નથી. તેમ છતા અરજીનો ન્યાયના વિશાળ હિતમાં ગુણદોષ ઉપર નિકાલ કરવાનું ઠરવવામાં આવે છે.

(૪) આ તબ્બકે આંક–૧૫ ની અરજીથી એ હકીકત રેકર્ડ ઉપર આવવા પામેલ છે કે, હાલના પ્રતિવાદી નં–૧–૨ તેમજ મુળ પ્રતિવાદી નં–૩–૪ વાદગ્રસ્ત મિલ્કતના કબ્જામાં નથી તેમજ દાવો દાખલ થયા અગાઉ જ મિલ્કતનું હસ્તાંતર થવા પામેલ છે તેમ છતા વાદી દ્વારા સદરહું મિલ્કતના નવીન ખરીદનાર / કબ્જેદારને દાવાના કામે જોડવા કોઈ દરકાર લીધેલ નથી.

(૫) આમ, હાલનો દાવો વાદી દ્વારા પ્રતિવાદીઓ વિરૂધ્ધ રસ્તાના ઉપભોગમાં હરકત / અંતરાય ઉભો ના કરે તે સારૂ લાવેલ પરંતુ હાલના પ્રતિવાદીઓ દાવો દાખલ થયા અગાઉથી જ મિલ્કતના કબ્જા / ભોગવટામાં ના હોય તેવા સંજોગોમાં તેઓ વાદીને રસ્તાના ઉપભોગમાં હરકત / અંતરાય ઉભો કરી રહેલ છે તેમ માનવાને કારણ નથી.

(૬) વધુમાં મનાઈ હુકમની દાદએ સમન્યાયી દાદ અને કોર્ટની વિવેકાધીન સત્તા ઉપર અધારીત છે. સદર વિવેકાધીનનો ઉપયોગ અદાલત દ્વારા ન્યાયિક સિધ્ધાતો, સમન્યાયના સિધ્ધાત અને કેસના સંજોગોના આધારે કરવાનો રહે છે. આમ, ઉકત ત્રણ સિધ્ધાતો ઉપરાંત પક્ષકારોની વર્તુણક પણ મનાઈ અરજી નિર્ણીત કરવાનું એક મહત્વનું પાસુ છે. આમ, મનાઈ અરજી નિર્ણય કરતા સમયે કાયદાના મુખ્ય બે સિધ્ધાતો મહત્વના છે, "He who seeks equity must do equity" and તથા "He comes to equity must come with clean hand".

ઉકત સિધ્ધાતોને લક્ષમાં રાખી હાલના દાવાનું રેકર્ડ જોવામાં આવે તો વાદી જે વાદગ્રસ્ત મિલ્કતમાંથી રસ્તાની માંગણી કરી રહેલ છે તેના કબ્જેદાર / ભોગવટેદારને દાવાના કામે જરૂરી પક્ષકાર તરીકે જોડેલ નથી. આમ, જરૂરી અસરકર્તા પક્ષકારની ગેરહાજરીમાં મનાઈ હુકમની સમન્યાયી દાદ આપી શકાય નહી.

(૭) વધુમાં *Audi alteram partem* ના કાયદાકીય સિધ્ધાતને પણ લક્ષમાં રાખી જે મિલ્કત પરત્વે રસ્તાના ઉપભોગ માટે મનાઈ હુકમ માંગેલ છે તેના કબ્જેદાર / માલીકને સાંભળ્યા વગર / પક્ષકાર બનાવ્યા વિના તેઓની મિલ્કત વિરૂધ્ધ મનાઈ હુકમ આપી શકાય નહી.

(૮) આમ, હાલનો દાવો દાખલ થયા પુર્વે જ જે વ્યકિતએ મિલ્કત ખરીદ કરેલ છે તેમજ મિલ્કતના કબ્જામાં છે તેઓને જોડેલ નથી તેવા સંજોગોમાં હાલની અરજી મંજુર કરી શકાય નહી. આથી, હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

૧. વાદીની હાલની મનાઈ અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. હાલની અરજીનો ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭.૧૨.૨૦૨૧

સ્થળ: પલસાણા

હાર્દિક સાગરભાઈ દેસાઇ,
(અધિક) સીવીલ જજ,
પલસાણા
જજ કોડ જીજે ૦૧૫૨૬